**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૬ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૪૯ ટકા

# શહેરમાં દિવસે ગરમી, રાત્રે ઠંડી

## બેવડી ઋતુના પગલે રોગચાળાની પુનઃ દહેશત : શુષ્ક વાતાવરણથી બેચેનીનો માહોલ

ગાંધીનગર, તા.૮
શહેરમાં ઠડી અને ગરમી બેવડી ઋતુનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી બે દિવસ સુધી બેવડી ઋતુનો અનુભવ થશે. બપોરે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થશે અને ફેબ્રુઆરીના અંતમાં શિયાળો વિદાય લે તેવી સંભાવના છે. રાજયમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હટી જતા મોટા ભાગના શહેરોમાં બપોરે ગરમીનું પ્રમાણ જોવા મળે છે.

શહેરમાં વહેલી સવારે ધુમ્મસવાળું વાતાવરણ જોવા મળે છે અને ઠંડીનું પ્રમાણ પણ વધારે હોય છે. જયારે બપોરના સમયે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. શહેરીજનો એસી અને પંખા ચાલુ કરીને બપોરનો સમય પસાર કરી રહ્યા છે. જયારે રાત્રિ દરમિયાન ઠંડીનો માહોલ વર્તાય છે. જેમાં તાપણી કરીને શહેરીજનો ઠંડીથી બચવાની કોશિષ કરે છે. સતત બદલાતા વાતાવરણને કારણે શહેરીજનોમાં શરદી ઉધરસ સહિતની બિમારીઓ ફેલાયેલી છે ત્યારે શહેરીજનો એ બદલાતી ઋતુ વચ્ચે સ્વાસ્થ્ય વિશે ખાસ તકેદારીઓ રાખવાની જરૂર છે. શહેરીજનો પણ બેવડી ઋતુનો લાભ લઈ રહ્યા છે. સવારે મોટી સંખ્યામાં મોર્નિંગ વોકર્સ જોવા મળે છે. શહેરના તમામ બાગ બગીચાઓમાં યોગ, કસરત, પ્રાણાયામ સહિત વિવિધ સ્વાસ્થ્યને સારું રાખવા માટેના પ્રયાસો કરી રહ્યા છે. ઉપરાંત માર્ગો પર સાઈકલિંગ કરતા નાગરિકો પણ જોવા મળી રહ્યા છે. શહેરીજનો મોર્નિંગ યોગનો મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. શિયાળામાં પીવાતો સૂપ અને જયુસનું સેવન કરવામાં આવી રહ્યું છે. શિયાળાની વિદાય પહેલા શહેરીજનો દ્વારા શિયાળાની ઠંડીને માણવા માટેના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. શિયાળાની ઠંડીમાં ગરમા ગરમ ચા અને કોફીની લારીઓ પર ભીડ જોવા મળી રહી છે. આમ શહેરીજનોએ થોડા જ દિવસોમાં શિયાળાને વિદાય આપવી પડશે અને ઉનાળાની ગરમીનો આકરો તાપ સહન કરવા તૈયાર રહેવું પડશે.



## પ્રવાસન મંત્રાલયની પ્રસાદ યોજના હેઠળ વારદાયિની માતાજી મંદિર રૂપાલની પસંદગી

ગાંધીનગર, તા.૮
ગુજરાતના પાટનગર ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામના મહાભારત વખતના પ્રાચિન વરદાયિની માતાજીના મંદિરને પ્રવાસન મંત્રાલયની પ્રસાદ યોજના હેઠળ યાત્રાધામ પ્રવાસન માળખાના વિકાસ માટે પસંદગી કરવામાં આવેલ છે તે બદલ શ્રી વરદાયિની માતા દેવસ્થાન સંસ્થાન દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. કોમવાદ, જ્ઞાતિવાદ અને તુષ્ટિકરણના રાજકારણને નાબૂદ કરીને દેશ પ્રથમની રાજનીતીનો સૂર્યોદય કર્યો છે તેવા દેશપ્રેમી, મજબૂત, સક્ષમ, પ્રામાણિક અને પુરૂષાર્થી એવા નરેન્દ્ર મોદીનું નેતૃત્વ ભારતને મળ્યું છે તેનો સંસ્થા ગર્વ અનુભવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દિર્ઘાયુ માટે નિતીભાઈ પટેલ પૂર્વ અધ્યક્ષ ગાંધીનગર જિલ્લો તથા ટ્રસ્ટી, વરદાયિની માતાજી મંદિરના ટ્રસ્ટી તથા સૌ રૂપાલ ગ્રામજનોએ વરદાયિની માતાજીને પ્રાર્થના સહ હૃદયપૂર્વક આભાર માન્યો હતો.



વસંતનું આગમન થતાં પ્રકૃતિમાં ફેરફારો થયા છે. પ્રકૃતિ નવા રૂપરંગ સજી રહી છે. પ્રકૃતિના અવનવા રૂપો શહેરમાં જોવા મળી રહ્યા છે. આંબાઓ પર મ્હોર આવી ગયા છે અને તેની ખુશ્બુ વાતાવરણમાં ફેલાઈ રહી છે. આ ખુશ્બુથી આકર્ષાઈને વિવિધ પ્રકારના પક્ષીઓ શહેરમાં આવી રહ્યા છે. વહેલી સવારે કે મોડી સાંજે જરાક આસપાસ નજર ફેરવો તો આવા પક્ષીઓ જોવા મળી જાય છે. શિકારી જેવું દેખાતું આંબાના વૃક્ષ પર બેઠેલું નજરે ચઢી રહ્યું છે.

## સંત રોહિદાસ હોલમાં મહર્ષી નવલની જન્મતિથિની ઉજવણી

ગાંધીનગર, તા.૮
સંત રોહિદાસ હોલ સેકટર-૬ ખાતે મહર્ષી નવલની જન્મતિથિ ઉજવવા એક સામાન્ય સભા રાખવામાં આવી હતી. આ સામાન્ય સભામાં વિક્રમસિંહ ગોલ દ્વારા દિપ પ્રગટાવવામાં આવ્યું હતું તેમજ રામેશ્વર લોટ દ્વારા વિક્રમસિંહ ગોલને એક તલવાર ભેટ આપી પાઘડી પહેરાવી સન્માન કરવામા આવ્યું હતું. ગાંધીનગર મનપાના નવા ચૂંટાયેલા કોર્પોરેટર ગૌરાંગભાઈ વ્યાસ તથા પ્રેમલતાબેન મહેરીયાને શાલ પહેરાવી બહુમાન કરી સ્વાગત કરાયું હતું. સંત રોહિદાસ સમાજના અધ્યક્ષ ડાહ્યાભાઈ પરમાર દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી હતી અને સેવાઓને બિરદાવી હતી. પોલીસ ભરતીમાં આવેલા દરેક સમાજના છોકરા તથા છોકરીઓને મફત ભોજન રહેવાની સગવડ તેમજ ભરતી કેમ્પમાં જવા માટે વાહન તમામ સેવાઓ વિના મૂલ્યે કરવામાં આવી હતી. આ બાબતે ડાહ્યાભાઈ પરમારનું સન્માન કરાયું હતું. જયોતિષકાર વેદાચાર્ય સુરેશકુમાર વ્યાસનું પાઘડી પહેરાવી શાલ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

## અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાતમંદોને ગરમ પૌષ્ટિક ભોજનની સેવા ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૮
અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને ગરમ પૌષ્ટિક ભોજન ઉપલબ્ધ કરાવાય છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર આપણા ભારત દેશની સંસ્થા ધ અક્ષયપાત્ર ફાઉન્ડેશનના મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત ભારતના ૧૨ રાજયોમાં અત્યાધુનિક ૬૦ કેન્દ્રીયકૃત રસોઈઘર કાર્યરત છે. આ સંસ્થા દ્વારા પ્રાથમિક શાળાઓમાં ભણતા બાળકોને ગરમ પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન ઉપલબ્ધ થાય છે. આવું જ એક અત્યાધુનિક કેન્દ્રીયકત રસોઈઘર ગાંધીનગર જિલ્લાના સાંતેજ ગામે કાર્યરત છે. આ રસોઈઘર ખાતેથી અમદાવાદ મનપાની તેમજ ગાંધીનગર જિલ્લાની કુલ ૫૧૭ શાળાઓના ૮૭૦૦૦ જેટલા દૈનિક લાભાર્થી બાળકોને ગરમ અને પૌષ્ટિક ભોજન પીરસવામાં આવે છે. કોરોના મહામારીના કપરા સમયમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને સહાય કરવાની ભાવનાથી કોરોનાની વિષમ પરિસ્થિતિમાં ઘણા જરૂરિયાતમંદ પરિવારોના ઘરમાં બે ટંક ભોજન મળી શકતું નથી. ત્યારે આવા મહામારીના સમયમાં અક્ષયપાત્ર ફાઉન્ડેશન સંસ્થાએ આવા કુટુંબોની પરવા કરી હતી. ગાંધીનગર અને અમદાવાદના કુલ ૪૧ જેટલા અલગ અલગ સ્થળો પર આવેલા સ્લમ વિસ્તારના ગરીબ પરીવારો તેમજ બાંધકામ ક્ષેત્રની કન્સટ્રકશન સાઈટના મજૂરો સહિત ૧૨૦૦૦ જેટલા જરૂરિયાતમંદોને ગરમાગરમ પૌષ્ટિક ભોજન સંસ્થા ઉપલબ્ધ કરાવી રહી છે. આ ભોજનનો લાભ મેળવીને લાભાર્થીઓના ચહેરા પર ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.




## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં યોજાયો વસંતનાં વધામણાં કાર્યક્રમ



ગાંધીનગર, તા.૮
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા વસંતપંચમીએ 'વસંતનાં વધામણાં' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ તથા કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિની પ્રેરક ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ભારતીય શિક્ષણવિચારને વરેલી છે ત્યારે બાળકો-માતા-પિતા અને શિક્ષકો વસંતપંચમીનું મહત્ત્વ સમજે તે ઉદ્દેશ્યથી યુનિવર્સિટી પરિસરમાં સરસ્વતી માતાના પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે પ્રવચનમાં સાચા અર્થમાં ભારતીય પરંપરાના મૂળ તહેવારો પૈકી વસંતપંચમીના મહત્ત્વને રજૂ કર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે, વસંતપંચમી એ સરસ્વતીજીનો પ્રાગટ્યદિન છે ત્યારે આપણે સૌ વિદ્યાજગતના લોકોએ આ દિવસનું વધુમાં વધુ મહત્ત્વ પ્રત્યેક વિદ્યાર્થી સુધી પહોંચાડવા માટે કામ કરવું જ રહ્યું. વિદ્યાનિકેતન વિભાગના ડૉ. ચિરાગ સોલંકી અને હાર્દિક ભટ્ટની ટીમે સરસ્વતીવંદના કરી હતી. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે વસંતપંચમી એ સૌથી શુભદિન માનવામાં આવે છે ત્યારે વિદ્યાનિકેતન વિભાગ દ્વારા આગામી સમયમાં થનારા 'ઑનલાઈન કલામૃતમ ભાગ-૨'ના પોસ્ટરનું લોન્ચિંગ કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ, કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ તથા સ્કૂલ ઑફ ચાઈલ્ડ, યૂથ એન્ડ ફેમિલી ડેપલપમેન્ટના ડાઈરેક્ટર ડૉ. રાકેશ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાનિકેતન વિભાગના અધ્યક્ષ ડૉ. કુણાલ પંચાલે કર્યું હતું.

## શહેરના સેકટર-૧૪માં ખુલ્લા પાર્કિંગમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૮
શહેરમાં બાઈકચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટરોમાંથી વાહનોની ઉઠાંતરીના કિસ્સા આંતરે દિવસે સામે આવી રહ્યા છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર શખ્સો વાહનચોરી કરી સિફતપૂર્વક પલાયન થઈ જાય છે ત્યારે વધુ એક બાઈક ચોરીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના એમઆઈજી મકાન નં. ૧૨-૧૪૪ ખાતે રહેતા ભાવેશ તેજમલભાઈ રબારી છુટક ડ્રાઈવીંગ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ભાવેશ નોકરીએ આવન જાવન તેમજ પોતાના ઉપયોગ માટે પિતાજીની માલિકીના હોન્ડા સ્પ્લેન્ડર બાઈકનો ઉપયોગ કરતો હતો. ગત તા.૩૧ જાન્યુઆરીના રોજ રાત્રીના નવ વાગે સંબંધીના ઘરેથી આવીને મકાનની સામે ખુલ્લા પાર્કિંગમાં લોક કરી બાઈક મુકીને સુઈ ગયા હતા. જયારે સવારે નોકરી જવાનું હોવાથી ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. શહેરના વિવિધ સ્થળો પર બાઈકની શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧૦હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે.

## મુખ્યમંત્રીએ આચાર્ય પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મ.સા. સાથે મુલાકાત કરી



ગાંધીનગર, તા.૮
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાષ્ટ્ર સંત જૈન આચાર્ય પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મહારાજ સાહેબની અમદાવાદ ખાતે મુલાકાત કરીને તેમના આશીર્વાદ મેળવ્યાં હતા. પ્રાપ્ત માહિતી અનુસાર આ મુલાકાત એક શુભેચ્છા મુલાકાત હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આચાર્ય પૂ. પદ્મસાગર સુરિશ્વરજી મ.સા. ખુબજ અભ્યાસુ અને જ્ઞાની હોવા સાથે સુપ્રસિદ્ધ કોબા જૈન મહાવીર તિર્થના સંકલ્પદ્રષ્ટા છે અને ગત ચાતુર્માસ તેમણે સેક્ટર-૨૨માં ગાંધીનગર શ્વેતાંબર જૈન સંઘના આંગણે સંપન્ન કર્યા હતા અને શહેરીજનોને તેમની વાણીનો લાભ આપ્યો હતો.

## સરકારી વાણિજય કોલેજમાં કરિયર ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૮
સરકારી વાણિજય કોલેજ ગાંધીનગર અને નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કરિયર કાઉન્સેલિંગ, કરિયર ગાઈડન્સ તેમજ જલ જાગરણ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલું હતું. જે અંતર્ગત વિંગ કમાન્ડર શ્રી ધર્મેન્દ્ર શર્મા ઈન્ડિયન એર ફોર્સ એ વિદ્યાર્થીઓને બીએસએફ, એરફોર્સ, નેવી વગેરે જેવી ડિફેન્સને લગતી નોકરી કેવી રીતે મળે તે અંગેનું માર્ગદર્શન આપ્યુ હતું. શ્રી રાકેશ પ્રિયદર્શી એ પર્સનલ એટીટ્યુડ, ટાઈમ અને લાઈફ મેનેજમેન્ટ વગેરે ઉપર મોટીવેશનલ માર્ગદર્શન આપ્યું હતું. પ્રો. કુંતલ નિમાવતે જલ જાગરણ અને વોટર હાર્વેસ્ટિંગ ઉપર માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. જયદીપસિંહ રાવ અને પ્રો. મનસુખ રાઠોડ દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના આચાર્ય શ્રી ડૉ. એ. એન. સુતરીયા સહિત સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.




# શહેરમાં ફળોની રાણી ખાટી-મીઠી દ્રાક્ષનું આગમન

## લીલી દ્રાક્ષ ૧૦૦ રૂ. કિલો અને કાળી દ્રાક્ષ ૧૨૦થી ૧૪૦ રૂ. કિલો : લીલીછમ દ્રાક્ષ અને કાળી દ્રાક્ષ ખાવાના અનેક ફાયદા

ગાંધીનગર, તા.૮
અત્યારે માર્કેટમાં કાળી અને લીલી દ્રાક્ષ ખૂબ વેચાય છે. આ જ તો સીઝન છે જેમાં દ્રાક્ષ ખાવાની મજા આવે છે. માર્કેટમાં ફળોની લારીઓમાં જથ્થાબંધ લીલી અને કાળી દ્રાક્ષ મળી રહી છે. જેમાં લીલી દ્રાક્ષનો ભાવ ૧૦૦ રૂપિયે કિલો અને કાળી દ્રાક્ષનો ભાવ ૧૨૦થી ૧૪૦ રૂપિયા કિલો છે. જેનું ભરપૂર માત્રામાં વેચાણ થઈ રહ્યું છે.

દ્રાક્ષનું નામ લેતા જ મોંમાં પાણી આવી જાય છે. એવું આ રસાળ ફળ છે. દ્રાક્ષ સ્વાદે મીઠી અને ખાટી હોય છે. દ્રાક્ષ સ્વાસ્થ્ય માટે અનેક રીતે ફાયદાકારક છે. દ્રાક્ષ ખાવાથી આંખોની રોશની વધે છે. સ્ટ્રેસથી બચાવે છે. અને રેટિનલ હેલ્થ ઈમ્પ્રુવ કરવામાં મદદ કરે છે. દ્રાક્ષના કેટલાક અન્ય અદભુત ફાયદા પણ છે.

દ્રાક્ષ પોષકતત્વો અને એન્ટીઓકિસડેન્ટથી ભરપૂર હોય છે. દ્રાક્ષ ખાવાથી હૃદયરોગ, ડાયાબિટીસ અને સ્ટ્રોકનું જોખમ ઘટે છે. દ્રાક્ષમાં રહેલું રિઝવેંટ્રલ નામનું તત્વ શરીરમાં બ્લડ સરકયુલેશન સુધારે છે. દ્રાક્ષમાં રહેલાં ફાઈટો કેમિકલ્સ હૃદયના સ્નાયુઓને નુકસાન થતું અટકાવે છે. શરીરમાં કોલેસ્ટ્રોલનું સ્તર નિયંત્રિત કરે છે.

દ્રાક્ષમાં બુટિન અને ઝેકસાન્થિન નામના તત્વો રહેલા છે. આંખનું તેજ વધારવામાં મદદ કરે છે. દ્રાક્ષ ખાવાથી રેટિના સ્વસ્થ રહે છે અને અંધાપો આવતો નથી. દ્રાક્ષ ખાવાથી યાદ શકિત અને ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા વધે છે. દ્રાક્ષમાં રહેલું રિબોફલેવિન નામનું તત્વ માઈગ્રેનમાં અસરકારક છે. અલ્ઝાઈમરના દર્દીઓને પણ દ્રાક્ષ ખાવાથી ફાયદો થાય છે.



દ્રાક્ષ ઈન્સ્યુલિનનું પ્રમાણ સંતુલિત રાખવા માટે લાભદાયી છે. તે લોહીમાં શુગર લેવલ ઘટાડવામાં ફાયદાકારક છે. દ્રાક્ષમાં રહેલા એન્ટી ઓકિસડેન્ટસ અને વિટામીન ઈ સ્કલ્પ સુધી બ્લડ સરકયુલેશન સુધારે છે. વાળને ખરતા અટકાવે છે. વાળ સફેદ થતા અટકાવે છે. દ્રાક્ષ ડાર્ક સ્પોટ્સ અને કરચલીઓ દૂર કરવામાં મદદ કરે છે. તેમાં રહેલું વિટામીન સી સ્કિન સેલ્સને હેલ્ધી રાખે છે.

દ્રાક્ષમાં રહેલા વિટામીન સી, કે, એ, મિનરલ્સ અને એન્ટી ઓકસીડેન્ટ રોગપ્રતિકારક શકિત વધારવામાં મદદ કરે છે તેને ખાવાથી રોગો સામે લડવાની ક્ષમતા વધે છે. દ્રાક્ષમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે જેથી તેને ખાવાથી ડિહાઈડ્રેશનની સમસ્યા થતી નથી.

દ્રાક્ષને મોટાભાગના માણસો ફીઝમાં મુકીને ખાય છે પરંતુ કયારેય ફીઝમાંથી બહાર કાઢીને તરત દ્રાક્ષ ખાવી નહી નહીતર તેનાથી કફ અને શરદીની સમસ્યા થઈ શકે છે. હંમેશા ફીઝમાંથી દ્રાક્ષ કાઢી અડધો કલાક બહાર રાખી પછી જ ખાવી જોઈએ.

મોટા ભાગે લીલીછમ દ્રાક્ષ બધાને ભાવે છે. પણ કહેવાય છે કે કાળી દ્રાક્ષમાં પણ પુષ્કળ પોષકતત્વો હોય છે. કાળી દ્રાક્ષમાં મોટા પ્રમાણમાં વિટામીન સી અને ઈ હોય છે જેનાથી ત્વચા સુંદર બને છે. અને નિયમિત સેવનથી માઈગ્રેનના દુઃખાવામાં પણ રાહત મળે છે. કાળી દ્રાક્ષનું સેવન કરવાથી એકાગ્રતા અને યાદશકિતમાં વધારો થાય છે. તેમાં ગ્લુકોઝ, મેગ્નેશિયમ, સાઈટ્રિક એસિડ જેવા પણ પોષક તત્વો હોય છે જે ટીબી, કેન્સર, બીપી, બ્લડ ઈન્ફેકશન જેવી બિમારીમાં ફાયદો અપાવે છે.


## જન્મદિને વધામણી



અશોકભાઈ ચૌધરી
મો. ૯૯૨૪૧ ૦૬૧૭૭


દેવ-દેવન
હરજીભાઈ વાઘેલા


બીમલ હરિશભાઈ રાવળ
મો. ૯૮૨૫૯૦૮૬૪૭


વિનોદ ડી શર્મા (જોષી)
નિવૃત્ત શિક્ષક, નારદીપુર
મો. ૯૯૨૪૪ ૮૯૯૦૧


હેનિલ બ્રિજેશભાઈ નાયી
મો.૭૭૪૧ ૭૯૮૩૦


ભવ્ય પી. ભાવસાર
મો.૯૯૧૩૧૫૯૭૪૫


સુજાન ગીરીશભાઈ પટેલ
મો.૯૪૨૬૪૮૦૮૧૭


માહીબા જીગરસિંહ ડાભી

## ચિરવિદાય

● રૂદ્રભૂમિ ●

- સ્વ. વાઘેલા હિતોષ રાજુભાઈ, ઉ.વ. ૩૯, અડાલજ
- સ્વ. જાની નીરવ રામચંદ્ર, ઉ.વ. ૪૫, સાબરમતી, અમદાવાદ
- સ્વ. શાહ ચંદ્રિકાબેન અનુભાઈ, ઉ.વ. ૮૪, અડાલજ
- સ્વ. સાતા ગુણવંત જયંતકુમાર, ઉ.વ. ૭૪, સેકટર-૭